જેસી વીક અંતર્ગત જેસીઆઈની મહિલા પાંખ જેસીઆરટી દ્વારા ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ ખાતે 'કલર ડે' અને 'હેલ્થ ડે'ની ઉજવણી કરવામાં આવી. 'કલર ડે' અંતગર્ત સૌથી સુંદર અને સુસંગત રંગ મેચીંગ કરનારી બહેનોને સંસ્થા તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. 'હેલ્થ ડે'ની ઉજવણીના ભાગ રૂપે નિષ્ણાત તબીબ ડૉ. નિતાબેન શેખાત અને ડૉ. પરાગી ગાંધી દ્વારા મહિલાઓને ગાયનેક સમસ્યાઓ, થેલેસેમિયા અને એનિમિયા જેવા રોગો અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ગીરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેસીઆરટી વિંગના ઝોન ડાયરેકટર યોગિતા ચોકસીની હાજરી પ્રોત્સાહક રહી હતી. જેસીઆરટી ચેર પર્સન ભૂમિકા નિર્મલ, મિતાલી ત્રિવેદી, ફાલ્ગુની ભવસાર, લતા શુકલ અને કોમલ પટેલનો કાર્યક્રમની સફળતામાં શ્રેષ્ઠ ફાળો રહ્યો હતો. ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટિટયૂટના પ્રો. દિમીબેન ભટ્ટ, પ્રો. સરિતાકુમાર અને પ્રો. અમિત પટેલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

સિકયુરીટી જવાને ગણપતિ વિસર્જનની ના પાડતા પથ્થરમારો

મેટ્રો પ્રોજેકટના જવાને કોટેશ્વર પાસેની નદીમાં વિસર્જન કરવા ન દેતા મામલો બિચકયો : ગાડીઓના કાચ ફોડયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક કોટેશ્વર પાસે સાબરમતી નદીમાં મેટ્રો રેલ પ્રોજેકટના સિકયુરીટી ગાર્ડે ગણેશ વિસર્જન માટે આવેલા ભકતોને ત્યાં વિસર્જન કરવાની ના પાડી દેતા ભકતો વિફર્યા હતા અને જવાન પર પથ્થરો ફેંકીને આસપાસની ગાડીઓના કાચ પણ ફોડયા હતાં. ધમાલ કરીને વિસર્જન કરવા આવેલા શખ્સો ભાગી ગયા હતા. જો કે સિકયુરીટી ગાર્ડે આ અંગે પોલીસ ફરિયાદ કરી નથી.

અમદાવાદ વિસ્તારથી એક ટેમ્પો લઈને કેટલાક ગણેશ ભકતો ગણેશ વિસર્જન કરવા માટે ગાંધીનગર પાસેના કોટેશ્વર પાસેથી પસાર થતી સાબરમતી નદીએ પહોંચ્યા હતાં. મેટ્રો રેલ પ્રોજેકટનું કામ ચાલી રહ્યું હોવાથી સિકયુરીટી જવાને નદીમાં વિસર્જન કરવા જવા દેવાની ના પાડી દેતા ભકતો ઉશ્કેરાઈ ગયા હતા અને આસપાસની ગાડીઓના કાચ ફોડીને સિકયુરીટી જવાનને પથ્થરો મારીને ઘાયલ કર્યા બાદ ટેમ્પામાં બેસી જઈ ભાગી ગયા હતા. ઘટનાની જાણ થતા સાંજે અડાલજ પોલીસ પણ પહોંચી ગઈ હતી પરંતુ જવાને આ ઘટના સંદર્ભે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

ગિયોડ મીની શકિતપીઠ અંબાજી ધામમાં લાખો માનવમહેરામણનું ઘોડાપુર છલકાયું

બોલ મારી અંબે જય જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યું

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડામોટાથી નરોડા-હિંમતનગર હાઈવે માર્ગ પર આવેલું શ્રદ્ધા અને ભક્તિના આસ્થા સમા ભાદરવી

પુનમના પવિત્ર પર્વ નિમિત્તે ગિયોડ ખાતે મીની શક્તિપીઠ અંબાજી તરીકે જાણીતું જગત જનની જગદંબાના ધામમાં લાખો શ્રદ્ધાળુ

અને દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટી પડતાં ભક્તિનો માહોલ જામ્યો હતો. આમ મોડી રાતથી નરોડા, દહેગામ, પ્રાંતિજ, અમદાવાદ, ગાંધીનગર, માણસા જેવા શહેરો તથા ગ્રામ્ય વિસ્તારના શ્રદ્ધાળુ લોકો જાહેરમાર્ગો પર પદયાત્રીઓનો અવિરત પ્રવાહથી કંઈક અનેરો માહોલ સર્જાયો હતો. આ ઉપરાંત પુનમનો અનેરો મહિમાથી ગિયોડ ખાતે ભવ્ય લોકમેળામાંનો અનેરો લ્હાવો ધાર્યા કરતાં વધુ માઈભકતો પદયાત્રા દ્વારા ઉમટી પડ્યા હતા. આ મંદિર ખાતે અગાઉથી આયોજકો દ્વારા માઈભક્તોને સારી અને સરળતાથી દર્શનનો લાભ લઈ શકે તેની પુરેપુરી તૈયારી કરી દેતાં મહિલાઓ માટે ભાઈઓ માટે અલગ અલગ વ્યવસ્થા કરી હતી. આમ ચિલોડા, લવારપુર, પ્રાંતિયા, ધણપ માર્ગ પર દર્શનાર્થીઓ માટે સેવાકેન્દ્રો કાર્યરત સેવામાં જોડાયા હતા. આમ મોડી રાત્રએ નરોડા તરફથી મોટી સંખ્યામાં માઈભક્તો આવી પહોંચતા ધણપ પાટિયાથી વન-વે માર્ગ કરવાની ફરજ પડી

હતી. આમ છતાં વાહનો અને પદયાત્રીઓની અવરજવર વધુ થતાં ભારે ટ્રાફિક સર્જાતાં ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. તેમ છતાં કોઈપણ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો. આમ વહેલી સવારેથી મોડી સાંજ સુધી લાખો દર્શનાર્થીઓથી ભક્તિમય માહોલથી રંગેચંગે પુનમની ઉજવણી કરવા તલપાપડ બન્યા હતા.

ચિલોડા ખાતે અનેક સેવાભાવી નાગરિકો દ્વારા લીંબુ સરબત અને ચા-પાણી, નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ ગિયોડ મંદિર ખાતે ચિલોડા, અમદાવાદ, દહેગામના નાના-મોટા વેપારીઓ દ્વારા જાહેર માર્ગો પર અડીંગા લગાડતાં લોકોને ભારે અડચણ રૂપ બન્યા હતા. જ્યારે આ લોકમેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદા વ્યવસ્થા, સલામતી માટે ચિલોડા પોલીસકર્મીઓ ખડેપગે સેવાકાર્યમાં ભારે મહેનત ઉઠાવી હતી.

જ્યારે મંદિર ખાતે સી.સી. ટી.વી. કેમેરા દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. આમ છતાં લોકમેળામાં પધારેલા માઈભકતોમાં મોબાઈલની ઉઠાંતરી થઈ હોવાથી અનેક ફરિયાદો જોવા મળી હતી. આમ છતાં મંદિર ખાતે સ્વયંસેવકોએ વ્યવસ્થા જાળવવા ખુબ સારો સહકાર આપ્યો હતો.

ગણેશ વિસર્જનના ઉન્માદમાં બે યુવાનો નદીમાં ડુબ્યા

અંબોડ અને ભાટ સાબરમતી નદીમાં ગઈ સાંજે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના બે અલગ અલગ વિસ્તારોમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડુબી જવાથી બે યુવાનો મોતને ભેટવાના બનાવો બનવા પામ્યા છે. બાપુનગરનો યુવાન ભાટ ગામ પાસે નદીમાં અને કલોલનો યુવાન અંબોડ નદીમાં ડુબી જતા મૃત્યુ પામ્યા છે.

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેલો ૨૦ વર્ષીય યુવાન કુલદીપ રમેશભાઈ રમીરાણી તેના ભકત ગ્રુપ સાથે ગઈ સાંજે ઈન્દિરાબ્રીજ નીચે સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન માટે આવ્યો હતો. ઢોલ નગારા સાથે વિઘ્નહર્તાને નદીમાં પધરાવતી વખતે ઉન્માદમાં આવી ગયેલા આ ભકતો પૈકી કુલદીપનો પગ નદીમાં લપસી જતાં પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. તેનું ડુબી જવાથી મૃત્યુ નિપજયું હતું. કુલદીપનો મૃતદેહ આડાલજ પોલીસે બહાર કાઢી પી.એમ. કરાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કલોલ ખાતે સ્થિત કોઠીવાળી ચાલીમાં રહેતું એક ગ્રુપ અંબોડ ગામ પાસે નદીમાં ગણેશ વિસર્જન કરવા ગયા હતાં. ગઈ સાંજે આ ગ્રુપના એક યુવાન ૧૯ વર્ષીય બિપીન દલપતભાઈ નેહરીયા પણ નદીના પાણીમાં લપસી જતાં ડુબી જવા પામ્યો હતો. ગાંધીનગરમાં બે યુવાનો ગણેશ વિસર્જનના ઉન્માદમાં ગઈ સાંજે નદીમાં ડુબી જવાથી મૃત્યુ પામ્યાના કિસ્સાઓ બનવા પામ્યા છે.

કારના કાચ ફોડીને કિંમતી ચિજોની ઉઠાંતરી કરતી ગેંગ પકડાઈ

સોલા પોલીસે બે શખ્સોને પકડીને પુછપરછ કરતાં ગાંધીનગરના ગુનાઓ ઉકેલાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં તરખાટ મચાવી દેનાર કારના કાચ તોડીને કિંમતી ચિજવસ્તુની ઉઠાંતરી કરી જતી ગેંગ આખરે સોલા પોલીસનાં હાથે ઝડપાઈ ગઈ છે. ગાંધીનગરમાં એક અઠવાડિયામાં બનેલા આ પ્રકારના આઠેક ગુનાઓ એ ગેંગે આચાર્યા હોવાની કબુલાત કરી લીધી છે. બે શખ્સોની ધરપકડ કરીને સોલા પોલીસે તપાસ શરૂ કરી છે. અમદાવાદમાં આચરેલા ગુનાના તપાસ પૂર્ણ થયા બાદ ગાંધીનગર પોલીસ બન્ને શખ્સોને ટ્રાન્સફર વોરંટથી લી આવશે અને ઉંડી પુછપરછ કરશે.

જલારામ સેવા સમાજના હોદ્દેદારોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૯

સેકટર-૨૯માં આવેલી શ્રી જલારામ સેવા સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગઈ. જેમાં જીતેન્દ્ર સેજાણીની પ્રમુખ તરીકે તેમજ અન્ય હોદ્દેદારોની વરણી કરાઈ હતી.

તા. ૧૫મીને રવિવારે બપોરે ૩.૦૦ કલાકે યોજાયેલ આ સભામાં છેલ્લા દસ વર્ષથી સતત ખડેપગે સેવા કરતા અમૃતભાઈ ઠક્કરે પ્રમુખપદેથી સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી હતી. તેમના સ્થાને જીતેન્દ્ર રસિકલાલ સેજાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત અરવિંદ ઠક્કરની ઉપપ્રમુખ પદે, મંત્રી પદે કિશોર હિન્ડોચા, સહમંત્રી પદે શૈલેષ મજેઠીયા, કોષાધ્યક્ષ પદેરમેશ પુજારા અને અન્ય કારોબારી સભ્યોની પણ સર્વાનુમતે વરણી કરવામાંઆવી હતી. સભાના સમાપને જલારામ બાપાના ચરણોમાં આ નામાવલી પ્રસાદરૂપે પધરાવી બાપાના આશિર્વાદ મેળવાયા હતા.

ધ વર્લ્ડ કાઉન્સીલ ઓફ સનાતન ધર્મની મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

પેથાપુર ખાતે આવેલી ધ વર્લ્ડ કાઉન્સીલ ઓફ સનાતન ધર્મની મીટીંગ આજ રોજ યોજાઈ હતી. જેમાં કાઉન્સીલના સભ્યો, સંતો મહંતોએ હાજરી આપી હતી. મીટીંગમાં કાઉન્સીલના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

એક અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ધ વર્લ્ડ કાઉન્સીલ ઓફ સનાતન ધર્મની આ મીટીંગમાં અમરસિંહ ચૌહાણને કાઉન્સીલના અધ્યક્ષપદે વરણી કરાઈ હતી. આ મીટીંગમાં હાજર રહેલા સંતો મહંતો અને ઈસ્લામ ધર્મના સૂફી સંતોએ આશિર્વાદ આપ્યા હતા. મીટીંગમાં સમગ્ર ભારત દેશ તથા વિશ્વના બીજા ભાગોમાં રહેતા ભારતીયોને આધ્યાત્મિક જ્ઞાન તથા સંસ્કાર અંગે જાગૃતિ લાવવી, એક બીજાની મદદ કરવી, સમાજ સેવા-પર્યાવરણ જાગૃતિ તેમજ વૈદકીય સારવારનું જ્ઞાન આપવું તથા કુદરતી અને માનવીય આપત્તિઓ સામે તાત્કાલિક પહોંચી માનવીય સેવા મદદ કરવી વગરે હેતુઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ડભોડા ગામમાં અણુજા નિમિત્તે ગામ તોડા બળિયા દેવ મંદિરે યજ્ઞ-પુજા વિધિ

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં ભાદરવા માસ નિમિત્તે પાંચ દિવસીય અણુજા પર્વ નિમિત્તે ગામ તોડા બળિયાદેવ મહારાજના મંદિર ખાતે ભવ્ય યજ્ઞાદિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ગ્રામ પંચાયત તથા ભાવિક ગ્રામજનો દ્વારા અણુજાનો મહિમા પાળ્યો હતો. આ પાંચ દિવસમાં ગામના પશુપાલકો તથા ખેડુતો દૂધ ને ગ્રામજનો તથા ગરીબ પરિવારોને દાન રુપે આપ્યું હતું. આ દિવસો દરમિયાન દુધનું વેચાણ કરવામાં આવતું નથી પરંતુ પરંપરા મુજબ ગામના બળિયાદેવ મંદિરે છેલ્લે દિવસે યજ્ઞ-પૂજાનો કાર્યક્રમ પૂર્ણાહુતિ પ્રસંગે પશુપાલકો દ્વારા દુધ ચડાવવામાં આવ્યું હતું. આમ બળિયાદેવ મહારાજના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગર મહાનગરનાં વોર્ડ નં.૫ ખાતે આધારકાર્ડ નોંધણી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ વોર્ડ નં. ૫ (સેકટર-૨૪-૨૫)ના રહીશો માટે 'આધાર કાર્ડ' નોંધણી કેમ્પનું આયોજન કોર્પોરેટર પ્રવિણાબેન કે. દરજી સે-૨૪નાં કાર્યાલય ખાતે તા. ૨૦ અને ૨૧મી સપ્ટેમ્બરના રોજ ૧૧થી ૫ કલાક દરમિયાન આજ રોજ કરવામાં આવેલ છે તો વસાહતીઓએ લાભ લેવા વિનંતી કરવામાં આવેલ છે તેમ કોર્પોરેટર પ્રવિણાબેન દરજી દ્વારા જણાવવામાં આવ્યું છે.

સે. ૬ના ભુવનેશ્વરી યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક કરવામાં આવેલી ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સે. ૬માં આવેલ મહાદેવ યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સાવે સમાજ દ્વારા ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શહેરની ધર્મપ્રેમી અને કલાપ્રેમી જનતાએ બે ઘણા પ્રમાણમાં ઉપસ્થિત રહીને દુંદાળાદેવના આશીર્વાદ લીધા હતા.

આ સમગ્ર ઉત્સવનું દીપ પ્રાગટ્ય ભુવનેશ્વરી શક્તિપીઠ ગોંડલના આચાર્યશ્રી ઘનશ્યામદાસ, વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ડૉ. રવિદર્શનજી અને અનિલાબેનની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આચાર્યશ્રી દ્વારા શહેરીજનો પર ભગવાન દુંદાળાદેવ અને ભુવનેશ્વરી માતાના આશીર્વાદ સદાય રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

આ મહતોસ્વ દરમ્યાન રાત્રીના સમયે ડાયરો અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો જીતુભાઈ દ્વારકાવાળા, પરેશભાઈ પડિયા, વિક્રમ ઠાકોર, દમયંતીબેન બારોટ જેવા કલાકારોએ શહેરના યુવાનો, બાળકો અને મોટેરાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે વિશેષ આકર્ષણ બાળ ભજનીક રજત મહેતા અને લોક સાહિત્યકાર પ્રદીપ બારોટના ભજનોનો લ્હાવો લીધો હતો.

આ મહોત્સવમાં સૂંઢાણા દેવના દર્શન કરવા માટે મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ત્રિવેદી જેવા મહાનુભાવોએ દર્શનનો લાભ લીધો હતો. સાથે સાથે ગણેશોત્સવની ઉજવણીની સમાપ્તી ૧૦૦૮ લાડુની આહુતી આપીને કરવામાં આવી હતી.

ગણેશ મહોત્સવને સફળ બનાવવા માટે ભુવનેશ્વરી મહાદેવ યુવક મંડળના સંદીપ જોષી, મિહિર દરજી, રોનક ઠાકર, કૃણાલ સોલંકી, મહેલુ પરમાર, ક્યુર ગજજર, ક્યુર જોષી, સની જોષી, પ્રજ્ઞેશ પંડ્યા, કુ. ચેતના બુચ દ્વારા સુંદર સહયોગ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરને ઝાડી-જાંખરાએ ભરડામાં લીધું : તંત્રની નિષ્ક્રીયતા

ગાંધીનગર, તા. ૧૯

રળીયામણા અને સોહામણા ગાંધીનગરને કોઈની નજર લાગી હોય તેમ તેનું રૂપ ઓસરવા લાગ્યુ છે. સમગ્ર શહેરને ઝાડી-જાંખરાએ ભરડામાં લઈ તેની ઓળખને છુપાવી દીધી છે. તંત્રની ઘોર નિસ્ક્રિયતા થકી શહેરના દરેક સેકટરની ફુટપાથો અને આંતરિયાળમાર્ગો અને બગીચાઓ બિન જરૂરી વનસ્પતિથી ઢંકાઈ ગયા છે અને રાત્રીના સમયે બિહામણા લાગી રહ્યા છે. શહેરવાસીઓએ તંત્રને સત્વરે આ અંગે યોગ્ય કરવા માંગ કરી છે.

ગાંધીનગર એ હરીયાળા નગર તરીકે સમગ્ર રાજયમાં ઓળખાય છે. પરંતુ આ હરીયાળાનગરમાં ચોમાસા બાદની ઉભી થયેલી સ્થિતિ પછી જંગલમાં ઉગી નીકળતા ઘાસ, ઝાડી-ઝાંખરા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. દરેક સેકટરમાંના બગીચાઓ, ખાલી જગ્યાઓ, આંતરિયાળ માર્ગો અને મુખ્ય માર્ગની બાજુમાં ઝાડી-જાંખરાના અતિ ફેલાવાએ માર્ગો અને ફૂટપાથોને છુપાવી દીધી છે. જેથી રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

બિન-ઉપયોગી વનસ્પતિઓના ઉપદ્રવથી જીવજંતુઓનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે. જેથી ફુટપાથની બાજુમાં મુકાયેલા બાંકડાઓ ઉપર બેસતા સીનીયર સીટીજનો પણ જીવજંતુના ત્રાસથી બેસવાનું બંધ કરી દીધુ છે. તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ બાબતથી સંપૂર્ણ વાકેફ હોવા છતાં શહેરીજનોને રામભરોસે છોડી દીધા છે.

જો કે એક નિવૃત્ત વયોવૃધ્ધ જીવરામભાઈએ જણાવ્યું હતું કે જ્યારથી નગરપાલિકા અસ્તિત્વમાં આવી છે ત્યારથી દરેક બાબતોમાં કામગીરીમાં ઢીલાશ વર્તાય છે. અને શહેરની સાચી ઓળખ દબાઈ રહી છે. રાત્રીના સમયે ઝાડી-જાંખરાથી ફુટપાથ કે માર્ગો ઉપર નીકળવું એ ભયંકર લાગી રહ્યું છે.

શહેરના કેટલાક બગીચાઓમાં પણ ચોમાસાના કારણે મોટા પ્રમાણમાં ઝાડી-જાંખરાઓ ઉગી નીકળતા બગીચાઓમાં અંધારામાં અનીતિની પ્રવૃત્તિઓ ખદબદી રહી છે. તંત્ર દ્વારા સત્વરે ઝાડી-જાંખરા તથા બિનજરૂરી વનસ્પતિ દુર કરવાની કામગીરી શરૂ કરાય તેવી માંગ શહેરના જાગૃત નાગરીકો દ્વારા થઈ રહી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ધ લન્ચ બોક્ષ : ૯.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૧૦.૪૫

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૧૦

શુદ્ધ દેશી રોમાન્સ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :

ફટા પોસ્ટર નીકલા હીરો: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગ્રાન્ડ મસ્તી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ફટા પોસ્ટર નીકલા હીરો : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦

ગ્રાન્ડ મસ્તી : ૨.૦૦, ૮.૦૦

ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : કલાક્ષેત્ર સાથે જોડાયેલા વ્યક્તિઓને લાભ. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થવાની સંભાવના છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપાર માં પ્રગતિ થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : ધાર્મિક આયોજનમાં ભાગ લેશો. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરો. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહમાં કમી આવી શકે છે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : સામાજિક આયોજનોમાં ભાગીદારી રહેશે. નોકરીમાં જવાબદારી અનુરૂપ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.